# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

Azadi Ka Amrit Mahotsav

જા.ક્ર. :- રસયુ/ Jigyasha ક્વીઝ /૨૦૨૨/ 7646-7820      તા.૦૪/૦૬/૨૦૨૨

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી તમામ યુનિવર્સિટી
- આચાર્યશ્રી.તમામ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ હેઠળની કોલેજ.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી
- પ્રોગ્રામ કો. ઓ.,તમામ (NSS સંલગ્ન યુનિવર્સિટી)

વિષય:- " Jigyasa -The Heritage Quiz" માં વિદ્યાર્થીઓની વધુ ભાગીદારી બાબત

સંદર્ભ:- (૧) ગુજ. સરકારના રમતગમત,યુવા અને સાં. પ્ર. વિભાગનો તા.૨૭/૫/૨૨નો પત્રક્ર ઉજવ/ ૧૦૨૦૨૨/GOI-30/ક

(૨) ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયનો તા.૧૩-૦૫-૨૦૨૨પત્રક્ર:D.O.No.Secy© AKAM/2022/3

નમસ્કાર,

ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ મંત્રાલયના સહયોગથી વડાપ્રધાનશ્રી દ્વારા આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી માટે જાહેર કરવામાં આવેલ "આઝાદી કા અમૃત મહોત્સવ " નિમિત્તે અતિ સમૃધ્ધ અને વિશ્વની સૌથી પુરાતન સાંસ્કૃતિક વારસો ધરાવતી આપણા ભારત દેશની સિદ્ધિઓ તેમજ વૈશ્વિક કક્ષાએ પ્રચલિત પૌરાણિક વારસો અને સાંસ્કૃતિક મૂલ્યોનો પરિચય કરાવતી " Jigyasa -The Heritage Quiz" નું આયોજન કરવામાં આવેલ છે. આ Quiz બાબતે અગત્યની બાબતો નીચે મુજબ છે.

(૧) " Jigyasa -The Heritage Quiz" માં ૧૩ થી ૧૮ વર્ષની વયના કોઈપણ વિદ્યાર્થી કે વ્યક્તિ ભાગ લઈ શકશે.

(૨) આ ક્વીઝમાં ભાગ લેવા વેબસાઇટ www.akamquiz.com પર લોગીન કરી ભાગ લેવાનો રહેશે. Jigyasa APP ડાઉનલોડ કરીને પણ ભાગ લઈ શકાશે

(૩) " Jigyasa -The Heritage Quiz" ૧૭ ભાષામાં ઉપલબ્ધ છે.

(૪) " Jigyasa -The Heritage Quiz" ને લગતી તમામ વિગતો https://akamquiz.com /resources પર ઉપલબ્ધ છે.

(૫) " Jigyasa -The Heritage Quiz" એક વિદ્યાર્થી/વ્યક્તિ એકથી વધુ વખત પણ ભાગ લઈ શકે છે.

(૬) આ ક્વીઝમાં જીલ્લા કક્ષા, રાજ્ય કક્ષા, રિજીયોનલકક્ષા તેમજ રાષ્ટ્રીય કક્ષા સુધી વિજેતા બનવાની તક છે.

(૭) ધારાધોરણો મુજબ પસંદ થયેલ વિદ્યાર્થી ૧૦ લાખ સુધીની સ્કોલરશીપ જીતી શકે તેમ છે.કુલ ૫૫ લાખ સુધીની સ્કોલરશીપ જીતી શકાય તેમ છે.

(૮) આ ક્વીઝ ઓનલાઈન છે, તેમજ ખૂબ સંશોધન તેમજ મહેનત કરી નિર્માણ કરવામાં આવેલ છે ક્વીઝમાં ભાગ લેતી વખતે વિદ્યાર્થીઓ કે વ્યક્તિઓને એક નવો જ અનુભવ થશે.

આપ સૌને દરેક વિદ્યાર્થી તેમજ જનસમૂહ સુધી આ પરિપત્ર તેમજ ક્વીઝની વિગતો પહોંચે તેમજ વિશાળ સંખ્યામાં ક્વીઝમાં ભાગ લેવામાં આવે તેવા પ્રયાસો કરવા વિનંતી સહ જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ માન. કમિશનરશ્રીના આદેશ અનુસાર

(મહેશ મહેતા)
નાયબનિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

નં.NSS/jigyasha ક્વીઝ/22-23/ પરીપત્ર-૧૪
જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, અમરેલી,
તા.૦૪/૦૬/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા ખાનગી માધ્યમિક તથા
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.અમરેલી.

ઉપરોક્ત વિષયની વિદ્યાર્થીઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

SPB
જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

Scanned with CamScanner